## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**આ કાયદો રદ થયો તે માટે અમે લોકો દિલથી તમારૂ અભિવાદન કરીએ છીએ...!!**



રખડતા પશુઓ અંગેના નવા કાયદાનો વિરોધ માલધારી સમાજ દ્વારા થઈ રહ્યો છે. આ કાયદા અંગે રજૂઆત કરવા માલધારી સમાજના આગેવાનો મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને મળવા સર્કિટહાઉસ એકત્ર થયા હતા. સર્કિટહાઉસ ખાતે માલધારી સમાજના અગ્રણીઓનો જમાવડો જોઈ શકાય છે.

# રીક્ષામાં મુસાફરોને બેસાડી રૂપિયા સેરવી લેતી ગેંગ ઝડપાઈ

### અડાલજ પોલીસે જમીયતપુરા પાસેથી ટોળકીને પકડી પાડી, બંન્ને ગુનાના ભેદ ઉકેલાયા

ગાંધીનગર, તા.૭

છેલ્લા કેટલાક સમયથી અડાલજ વિસ્તારમાં રીક્ષામાં મુસાફરોને બેસાડી રૂપીયા ચોરી કરી લેતી ટોળકીએ તરખાટ મચાવ્યો હતો. રીક્ષા ગેંગ દ્વારા એક મુસાફરના ખીસ્સામાંથી રોકડ રૂ.૧૨૦૦ તેમજ અન્ય મુસાફરના ખીસ્સામાંથી રૂ.૨૫ હજાર ચોરી કરી મુસાફરને રીક્ષામાંથી નીચે ઉતારી ટોળકી પલાયન થઈ ગઈ હતી. ત્યારે અડાલજ પોલીસે બામતીને પગલે આ ગેંગને જમીયતપુરા કટ પાસેથી દબોચી પાડી છે. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીઓને પકડી પાડી બે ગુનાનો ભેદ ઉકેલી નાંખ્યો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગત તા.૫ ના રોજ સવારના ૧૦.૩૦ વાગ્યાના અરસામાં અડાલજ થી નંબર વિનાની રીક્ષામાં જીલુજી સોમાજી ઠાકોર (રહે. શંકરપુરા ઠાકોરવાસ, વડસ્મા) બેસી ને જઈ રહ્યા હતા. તે સમયે રીક્ષા ચાલકે આગળ પોલીસ હશે તેમ કહી રીક્ષા ઉભી રાખી જીલુજીને નીચે ઉતારી દીધા હતા. તે સમયે ટોળકીના સભ્યોએ જીલુજીના ખીસ્સામાંથી રૂ.૧૨૦૦ ચોરી લીધા હતા.જે અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

જ્યારે બીજીતરફ ગત તા.૧ માર્ચના રોજ બપોરે ૨ વાગ્યાના સુમારે વૈષ્ણોદેવી સર્કલ થી તપોવન સર્કલ તરફ જતા ઝુંડાલ માર્ગ પર મોબાઈલ એસેસરીઝનો વેપારી અમરતલાલ દેવાસી ( રહે. ચાંદખેડા) રીક્ષામાં બેસાડી જઈ રહ્યા હતા. તે સમયે ફરીયાદીને એક મુસાફરનો આગળ ઉતારીને આવીએ છીએ. તેમ કહી ફરીયાદીના ખીસ્સામાંથી રોકડા રૂ.૨૫ હજાર ચોરી કરી લીધા હતા. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો.

અડાલજ પોલીસ મથકના પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો કામે લાગી ગઈ હતી. અડાલજ પોલીસ પેટ્રોલીંગ કરી રહી હતી તે દરમિયાન સાથે રહેલા કોન્સ્ટેબલ આશિષકુમાર ધીરૂભાઈ અને જયેન્દ્રસિંહ પ્રવિણસિંહને ખાનગી રાહે સંયુકત બાતમી મળી હતી કે એક નંબર વિનાની ઓટો રીક્ષા લઈને કેટલાક શંકાસ્પદ વ્યકતિઓ હાલ જમીયતપુરા કટ પાસે ઉભા રહેલા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ જઈ ઓટો રીક્ષા સાથે ત્રણ પુરુષ અને એક મહિલા મળી આવી હતી. પકડાયેલા આરોપીઓમાં રાકેશભાઈ અશોકભાઈ પટ્ટણી (ઉં.૩૮, રહે. બાપાલાલ ઘાંચીની ચાલી ચમનપુરા અસારવા), ઉમેશ રાજેશ કોષ્ટી (મરાઠી)( ઉં.૩૨, રહે.ચાચાનગરની ચાલી લક્ષ્મી એસ્ટેટની બાજુમાં નાગરવેલ રોડ અમરાઈવાડી અમદાવાદ), પ્રદિપ મંગળભાઈ પટ્ટણી (ઉં.૩૫, રહે.મોદીનગરની ચાલી ચમનપુરા અસારવા) અને ભગવતીબેન સવજીભાઈ સલાટ ( ઉં.૨૪, રહે રામેશ્વર તળાવ, ઈડર જી સાબરકાંઠા) નો સમાવેશ થાય છે. જ્યારે પોલીસે પુછપરછ કરતા તેઓ ગલ્લાતલ્લા કરી રહ્યા હતા. પરંતુ પોલીસે વિશ્વાસમાં લઈ યુકિત પ્રયુકિતથી પુછતાછ કરતા ભાંગી પડ્યા હતા અને ઉપરોકત બંન્ને ગુનાઓની કબુલાત કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## ખૂણેખાંચરેથી

● અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળે જાખોરા, હાજીપુર, પ્રતાપપુરા, રામનગર, જાસપુર કરોલી સહિત વિવિધ ગામોમાં સદ્‌ભાવના ફંડમાંથી વિકાસના કામોને મંજૂરી આપી છે.

● ગાંધીનગર મહાનગરપાલિકાનું સર્વર સવારે જ ઠપ્પ થતાં એડવાન્સ ટેક્સ ભરવા આવેલા સિનીયર સિટીઝનો કલાકથી વધુ રાહ જોયા પછી નિરાશ થઈ પરત ગયા હતા.

● ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રભારી હર્ષદભાઈ પટેલ અને મહામંત્રી રમણભાઈ દેસાઈએ આજે જિલ્લાના જિલ્લા પંચાયતના સદસ્યો સાથે એક કલાકથી વધુ સમય વાતો કરી હતી અને તેમની રજુઆતો સાંભળી હતી.

● ગાંધીનગર તાલુકાના સરઢવના નવા ચૂંટાયેલા સરપંચ કીરીટભાઈ જે. પટેલ સરકારી સેવામાંથી નિવૃત્ત થયા બાદ એલ.એલ.બી.નો અભ્યાસ કરી રહ્યા છે. તેઓની પરીક્ષા હાલ ચાલી રહી છે. સરદાર પટેલ યુનિ.માં તેઓ એલ.એલ.બી.નો અભ્યાસ કરી રહ્યા છે.

● ગાંધીનગર જિલ્લાના નવા વરાયેલા પોલીસવડા તરૂણ દુગ્ગલે આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળ્યો છે.

● ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ આજે તેમની ટીમ સાથે સરઢવની મુલાકાતે ગયા હતા.

● રાજ્ય સરકારે ત્રણ જેટલા સનદી અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે. જેમાં આર.કે. મહેતા, આર.એ. મેરજા અને ડી.એમ. સોલંકીનો સમાવેશ થાય છે.

● ગાંધીનગર શહેર જિલ્લામાં શુક્રવાર અને શનિવારે તીવ્ર હીટવેવની આગાહી હવામાન વિભાગે જાહેર કરી યલો એલર્ટ જારી કર્યુ છે.

● ગાંધીનગર જિલ્લા ભાજપના કાર્યકર્તાઓના વ્હોટસએપ ગ્રુપમાં અશ્લીલ ફોટા મુકવામાં આવતાં મહિલા કાર્યકરો શોભીલી પડી જવા પામી છે.

## ગાંધીનગર પોલીસ વડા મયુર ચાવડાનો વિદાય સમારોહ યોજાયો

### જિલ્લાના નવા ડીએસપી તરીકે તરૂણ દુગ્ગલે ચાર્જ સંભાળ્યો




ગાંધીનગર, તા.૭

છેલ્લા ત્રણેક વર્ષથી વધુના સમયથી જિલ્લા પોલીસ વડા તરીકે ફરજ બજાવતા મયુર ચાવડાનો ગાંધીનગર એસપી કચેરી ખાતે ભવ્ય વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા, મનપાના મેયર હિતેશ મકવાણા અને આમંત્રિત મહેમાનોની હાજરીમાં જિલ્લા પોલીસના અધિકારીઓ તેમજ કર્મચારીઓએ ફુલોની પાંખડીઓનો વરસાદ વરસાવી આતશબાજી કરવામાં આવી હતી. મયુર ચાવડાના વિદાય સમારોહમાં તેમની કારનું દોરડુ જિલ્લા પોલીસ સ્ટાફ દ્વારા ખેંચી ભાવભરી વિદાય આપવામાં આવી હતી. જયારે ગાંધીનગર નવા એસપી તરીકે તરુણ દુગ્ગલની નિમણુંક કરવામાં આવી છે.ત્યારે આજે ગાંધીનગરના એસપી તરીકે તરુણ દુગ્ગલે ચાર્જ સંભાળી લીધો છે.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા સર્વ નેતૃત્વ ૫ દિવસિય નિવાસિ તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૫ દિવસિય નિવાસિ તાલીમ શિબિરનું આયોજન શ્રી રામચંદ્ર મિશન - સેન્ટર ફોર મેડીટેશન, અડાલજ ખાતે કરવામાં આવ્યું જેમાં સર્વ વિદ્યાલય કડી અને ગાંધીનગરની ૧૯ કોલેજમાથી ૬૮ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમમાં શહેરના જાણીતા કોર્પોરેટ ટ્રેનર સુરેશ પટેલ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓમાં નેત્રુત્વના ગુણ વિકસે, રાષ્ટ્રભાવના જાગે, સારા માણસ બની સમાજને ઉપયોગી બને, તેમનો આત્મ વિશ્વાસ બુલંદ થાય અને હકારા ત્મક અભિગમ સાથે આગળ વધે, માનવ તરીકે પશુથી કેવી રીતે અલગ છીએ અને શું કરવાની ક્ષમતા ધરાવિયે છીએ તેની જીણવટપૂર્વક સમજણ આપી હતી અને મુલ્ય આધારિત જીવન જીવવાના પાઠ શીખવ્યા હતા. તાલીમ દરમિયાન ગેસ્ટ સ્પીકર તરીકે અમદાવાદનાં રીક્ષાવાળા તરીકે જાણીતા ઉદયભાઈ જાદવ, આઈ. પી. એસ. હસમુખ પટેલ, નિષ્ઠાબેન ઠાકર, જીવનતીર્થના રાજુભાઈ અને દિપ્તીબેન ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિ અને પ્રશ્નોત્તરી દ્વારા પ્રેરણા પૂરી પાડી હતી અને માનવકલ્યાણ માટે શું કરી શકીએ તેની રસપૂર્વક ચર્ચા કરી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન રોજ સવારે હિમાંશુભાઈ વ્યાસ દ્વારા હાર્ટફૂલનેસ મેડીટેશનનો અનુભવ કરાવ્યો હતો. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને પર્યાવરણ સ્વચ્છતા સંસ્થા (ESI), સુગડ ખાતે મુલાકાત કરાવી હતી જ્યાં દેવેન્દ્રભાઈ પારેખે સંસ્થા દ્વારા કરવામાં આવતા સમાજ ઉપયોગી પ્રોજેક્ટ્સની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓએ પ્રશ્નોતરી દ્વારા માહિતી મેળવી હતી.

નિવાસી શિબિરના અંતે સમાપન સમારંભમાં સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ, વિંગ કમાન્ડર ધર્મેન્દ્ર શર્મા, શ્રી રામચંદ્ર મિશન આશ્રમના મેનેજર પ્રકાશભાઈ પટેલ, ઝોનલ ડાયરેક્ટર કેજલભાઈ કંસારા, યોગેશ પટેલ ઉપસ્તિત રહી વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડી, જીવનમાં આત્મવિશ્વાસપૂર્વક આગળ વધવા માટેનું આહ્વાન કર્યું હતું. પ્રોગ્રામના અંતે વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ વાઈસ ગ્રુપમાં સમાજ ઉપયોગી પ્રોજેક્ટ્સ રજુ કરી, તે પ્રોજેક્ટ્સ નિયત સમયમાં પૂર્ણ કરવાનો નિર્ધાર કર્યો હતો. સમગ્ર શિબિરનું સંચાલન અને આયોજન સર્વ નેતૃત્વ કોર્ડીનેટર ડો. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે સચિન પટેલ, મિત પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જ્યારે પૂર્વ તાલીમાર્થી સુરજ મુંજાણી, પ્રકાશ ચૌધરી, ફોરમ પટેલ, હર્ષ પટેલ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

## ચિલોડા ચોકમાં ભવ્ય ભજન કાર્યક્રમ યોજાયો

### નમો જય નારાયણ ભજન મંડળ સરઢવના યુવાનોએ ભજનની રમઝટ બોલાવી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર તાલુકાના ચિલોડા મોટા ખાતેના મહાકાલી માતાજીના મંદિર ચોક પાસે ચિલોડા સ્થિત ચકુમાસીના ગુરૂજી તથા તેમના સ્વ. પિતાજીની પુણ્યતિથિ નિમિત્તે દર વર્ષે ભવ્ય ભજન સત્સંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ છેલ્લા બે વર્ષ બાદ નમો જય નારાયણ ભજન મંડળ સરઢવના ભજનીક યુવાનોએ ઘુઘરા-ખંજરી અને કરતાલો દ્વારા સંગીતના તાલે જૂના ભજન ગીતો ગાઈને રમઝટ બોલાવી હતી. આ કાર્યક્રમમાં ભજનીક ભકત જનોએ દેવી-દેવતા જેવા કે ગણેશજી, હનુમાનજી, મહાદેવ ભોળાનાથ, રામાપીર મહારાજ અને રાધા-કૃષ્ણના પાત્રો સાથે ભજન-ગીતોનો સમન્વય રજૂ કરતાં ભાવિક ભક્તજનોએ ભજન સત્સંગનો મોડી રાત સુધી લ્હાવો લઈ ધન્યતા અનુવી હતી.



### ગાંધીનગર-કોબા માર્ગ પર ભાઈજીપુરા પાટીયા પાસે આવેલી

# શ્યામ-શુકન ફલેટના બિલ્ડર સામે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર-કોબા માર્ગ પર ભાઈજીપુરા પાટીયા પાસે આવેલી શ્યામ-શુકન ફલેટના બિલ્ડર સામે ઈન્ફોસીટી પોલીસ મથકે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ફરીયાદ નોંધાઈ છે.

શ્યામ શુકન સ્કીમમાં તેના માતાની માલિકીની ૬ દુકાનો આવેલી છે. ત્યારે બિલ્ડર દ્વારા ૫૦ વર્ષની ખોટી લીઝડીડ બનાવી દુકાનનો કબ્જો પોતાની પાસે રાખી દુકાનો ભાડે આપીને મહિને રૂ.૨.૪૦ લાખ જેટલું ભાડુ વસુલે છે. જેથી ફરીયાદીએ અત્યાર સુધી ભાડા પેટે થયેલ નુકશાનનું વળતર પણ બિલ્ડર પાસે માંગ કરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુંબઈના ખારવિસતારમાં રહેતા નિર્મલ મનોજભાઈ પારેખ દ્વારા શ્યામ શુકન ફલેટના બિલ્ડર જીતેન્દ્ર સોમાભાઈ પટેલ (રહે. નવા વાડજ અમદાવાદ) સામે લેન્ડ ગ્રેંબીગ એકટ હેઠળ ફરીયાદ નોંધાઈ છે.

આ ફરીયાદમાં જણાવ્યા મુજબ નિર્મલના માતા વર્ષાબેન પારેખે શ્યામ શુકન ફલેટની સ્કીમમાં ૬ દુકાન રજીસ્ટર દસ્તાવેજ કરીને જીતેન્દ્ર પટેલ પાસેથી ખરીદી હતી. ત્યારપછી તેમની માતાનું અવસાન થતા તેઓએ મિલકત અંગે તપાસ કરતા અન્ય વ્યકિતના કબજામાં હોવાનું જણાયુ હતું. પ્રાથમિક તપાસમાં ૬ દુકાનો ભાડે આપીને રૂ.૨.૪૦ લાખ જેટલુ ભાડાની વસુલાત કરાતી હતી.

દુકાનના માલિક નિર્મલ પારેખની પુછતાછમાં બિલ્ડર જીતેન્દ્ર પટેલ વપરાશ કરતા હતા. જેથી નિર્મલ પારેખ દ્વારા મિલકત પચાવી પાડવા અંગે પોલીસ વિભાગ અને કલેકટર કચેરી ખાતે અરજી કરી હતી. જયાં જીતેન્દ્ર પટેલ દ્વારા ઉપરોકત મિલ્કત અંગે વર્ષાબેને તેમને ૫૦ વર્ષનું લીઝડીડ કરી આવ્યું હોવાનું જણાવ્યું હતું. જેને નિર્મલ પારેખે ખોટુ ગણાવ્યું હતું. હાલના સમયમાં ભાડા દસ્તાવેજ પણ રજીસ્ટર કરાવવા ફરજીયાત છે તેવા સમયે લીઝડીડ રજીસ્ટર ન હોય તેમ કેમ બની શકે તેવો પ્રશ્ન ઉઠાવ્યો હતો. જયારે ભાડાની રકમ પણ સામાન્ય રાખવામાં આવી હતી અને ૬૦ વર્ષની માતા ૫૦ વર્ષની લીઝડીડ કેવી રીતે કરી શકે તે અંગે પણ વેધક પ્રશ્ન ઉઠાવ્યો હતો.

ફરીયાદીએ ઉપરોકત મિલકત ખાલી કરવા અંગે નોટીસ પણ લગાડી હતી. પરંતુ નોટીસ પણ કાઢી નાંખવામાં આવી હતી. જયારે યુજીવીસીએલમાં અરજી કરીને મીટર પણ કઢાવી નાંખ્યું હતું. તેમ છતા દુકાનોમાં લાઈટ હતી. પોલીસ તપાસમાં મિલકત પચાવી પાડવામાં આવી હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાતા

## કોબા નજીક માર્ગ ઓળંગી રહેલા વૃધ્ધનું કારની ટક્કરે મૃત્યુ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર-અમદાવાદ માર્ગ પર ગઈરાત્રીના સમયે કોબા નજીક માર્ગ ઓળંગી રહેલા વૃધ્ધને કાર ચાલકે અડફેટે લેતા ઈજા પહોંચતા તાત્કાલીક નજીકની ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયા હતા.બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેર-ગ્રામ્ય વિસ્તારના માર્ગો પર અકસ્માતની સંખ્યા વધતી જાય છે. ત્યારે ગઈકાલે રાત્રીના સમયે કમલમ કોબા સામે માર્ગ ક્રોસ કરતા વૃધ્ધને કાર ચાલકે અડફેટે લીધા હતા.જેથી તેઓને કાર ચાલક દ્વારા ખાનગી હોસ્પિટલ ખસેડાયા હતા. જો કે ઈજાગ્રસ્ત વડીલ પાસે ઓળખના કોઈ પુરાવા નહી હોવાથી તેમનો ફોટો સોશિયલ મિડીયામાં વાઈરલ કરાયો હતો. જેથી આ વૃધ્ધ કોબા નજીક આવેલી બંસરી પેરેડાઈઝમાં વસવાટ કરતા ૭૩ વર્ષના અમૃતલાલ માધવલાલ પટેલ હોવાનું સામે આવ્યું હતું.જયારે તેમને સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયા હતા. જયા સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નિપજયું હતું. ઈન્ફોસીટી પોલીસે કારના ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

**Change Surname**

I have change my Old name BAROT ALKABEN GAUTAMBHAI to New Name BRAHMBHATT ALKABEN GAUTAMKUMAR
ADD- 202, KHYATI RESIDENCY, NEW CG ROAD, CHANDKHEDA, AHMEDABAD

**Change Surname**

I have change my Old name BAROT GAUTAMKUMAR DASHRATHLAL to New name BRAHMBHATT GAUTAMKUMAR DASHRATHLAL
ADD-202, KHYATI RESIDENCY, NEW C.G ROAD, CHANDKHEDA, AHMEDABAD

**અટક બદલેલ છે**

મારું જુનું નામ બારોટ ગૌતમકુમાર દશરથલાલ હતું તે બદલીને નવું નામ બ્રહ્મભટ્ટ ગૌતમકુમાર દશરથલાલ કરેલ છે.
રહેઠાણ : ૨૦૨, ખ્યાતિ રેસિડેન્સી, ન્યુ.સી.જી. રોડ, ચાંદખેડા, અમદાવાદ

**અટક બદલેલ છે**

મારું જુનું નામ બારોટ અલકાબેન ગૌતમભાઈ હતું તે બદલીને બ્રહ્મભટ્ટ અલકાબેન ગૌતમકુમાર કરેલ છે.
રહેઠાણ : ૨૦૨, ખ્યાતિ રેસિડેન્સી, ન્યુ.સી.જી. રોડ, ચાંદખેડા, અમદાવાદ

"આપકે દ્વાર આયુષ્માન" મહાઝુંબેશ

**"PMJAY-MA" યોજના**

ગુજરાતના તમામ વિસ્તારોમાં નિયત માપદંડો ધરાવતા કુટુંબના દરેક સભ્યને વ્યક્તિગત "આયુષ્માન" કાર્ડ મળશે



કુટુંબ દીઠ વાર્ષિક રૂા. ૫ (પાંચ) લાખ સુધીનું વિનામૂલ્યે આરોગ્ય કવચ

**PMJAY કાર્ડ કઢાવવા માટે**
જરૂરી દસ્તાવેજોઃ • આધારકાર્ડ • રેશનકાર્ડ • પી.એમ. લેટર
(SECC 2011 મુજબની યાદીમાં નામ હોવું જરૂરી છે.)

**આપના "મા વાત્સલ્ય" કાર્ડના આવકના દાખલાની સમયમર્યાદા સમાપ્ત થયેલ હોય તો તાકીદે નવો આવકનો દાખલો કઢાવી "મા વાત્સલ્ય" કાર્ડ વહેલી તકે રિન્યૂ કરાવો**
જરૂરી દસ્તાવેજોઃ આવકનું નવું પ્રમાણપત્ર અને હાલના "મા વાત્સલ્ય" કાર્ડની નકલ

**આપના મા કાર્ડને PMJAY-MA કાર્ડમાં કન્વર્ટ કરાવો**
જરૂરી દસ્તાવેજોઃ • આધારકાર્ડ • રેશનકાર્ડ • "મા" કાર્ડની નકલ

**ગ્રીન કોરિડૉર વ્યવસ્થા અંતર્ગત યોજનાના લાભાર્થીઓને સરકારી હોસ્પિટલોમાં ત્વરિત સારવાર મળશે**
લાભાર્થીઓ જિલ્લા સરકારી હોસ્પિટલ, SDH, સામૂહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સંલગ્ન ખાનગી હોસ્પિટલ, (n) Code, CSC, UTI-ITSL, E-Gram (ગ્રામ્યકક્ષા) સેન્ટર પરથી કાર્ડ મેળવી શકશે

**હવેથી ગ્રામ્યકક્ષાએ તલાટી કમ મંત્રી દ્વારા આપેલ ઓનલાઈન આવકના દાખલા ૩ (ત્રણ) નાણાકીય વર્ષ માટે માન્ય ગણાશે**
૧૮૭૫ સરકારી અને ૭૩૯ ખાનગી મળી કુલ ૨,૬૧૪ હોસ્પિટલોમાં હૃદયરોગ, કેન્સર, કિડની, આકસ્મિક સારવાર, ડિલિવરી, ન્યુરો સર્જરી જેવી ગંભીર બિમારીઓની કેશલેસ સારવાર

વધુ માહિતી માટે ટોલ ફ્રી નંબર - 1800-233-1022 અથવા 14555 પર સંપર્ક કરશો

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય